# સાબરકાંઠામાં પતંગની મજામાં ૧૦થી વધુ વ્યક્તિઓ ઘાયલ

હિંમતનગર, તા. ૧૫

સાબરકાંઠા જિલ્લામાં મકરસક્રાંતિ પર્વની બુધવારે જિલ્લાવાસીઓએ ખૂબ જ ઉલ્લાસ પૂર્વક ઉજવણી કરી હતી. ધીમા પવનની ગતિ વચ્ચે પણ લોકોએ મનમૂકીને આકાશમાં રંગબેરંગી પતંગો ઉડાડી આકાશમાં પતંગો ઉડાવીને મજા માણી હતી. આગાશી અને ધાબા પર ડી.જે.ના તાલે લોકો ઉમંગ ઉત્સાહ અને હર્ષોલ્લાસ સાથે ઉતરાયણ પર્વની ઉજવણી કરી હતી. તો સાંજ પડતા આકાશમાં ચાઈનીજ ટુક્કલ તથા આતશબાજીનો અદભુત નજારો જોવા મળ્યો હતો. જોકે ઉતરાયણ પર્વના દિવસે આકાશમાં ઉડતા ૬૬ થી વધુ પક્ષીઓ ઘાયલ થયા હતા. જેમાં ૧૦ પક્ષીઓના મોત નિપજયા હતા. આ ઉપરાંત દોરીના ઘસરકાના કારણે ૧૦ થી વધુ લોકોને ઈજાઓ થતા સિવિલ હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી. જયારે ધાબા ઉપરથી પડી જવાથી બે વ્યકિતને ઈજાઓ થઈ હતી. જિલ્લામાં હિંમતનગર, ઈડર સહિત તમામ તાલુકા અને ગ્રામ્ય વિસ્તારોમાં ઉતરાયણ પર્વની લોકોએ મનભરીને મજા માણી હતી.

બુધવારે ઉતરાયણ પર્વ અને ગુરૂવારે વાસી ઉતરાયણની ઉજવણીમાં નાના બાળકો, મહિલાઓ, યુવાધન સહિત વડીલો પતંગ ચગાવવામાં મશગુલ થઈ ગયા હતા. બુધવારે સવારે ધીમા પવનને કારણે પતંગ રસિયાઓમાં નિરાશા જોવા મળી હતી. જોકે બપોર પછી પવનની દિશા અને ગતિમાં વધારો થતાં પતંગ રસિયાઓએ મનમૂકીને પતંગ ચગાવી મજા માણી હતી. શહેરમાં સોસાયટી તથા ગ્રામ્ય વિસ્તારમાં ધાબા પર સાઉન્ડ સિસ્ટમના સંગીત વચ્ચે ઉંધીયુ, જલેબી, તલની સાંકડી, સુખડી, બોર, શેરડીની જયાફ્ત માણી હતી.

## ૧૦ પક્ષીઓના મોત નિપજ્યા ૫૬ને બચાવી લેવાયા

ઉતરાયણ પર્વ નિમિત્તે હિંમતનગરમાં કર્મયોગી જીવદયા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ત્રણ દિવસથી પતંગની દોરીથી ઘાયલ થયેલા પક્ષીઓને બચાવવા માટેનો સેવા યજ્ઞ કર્યો હતો. જેમાં ૫૬ થી વધુ પક્ષીઓને બચાવી લેવામાં આવ્યા હતા.

આ અંગે વધુ માહિતી આપતા કર્મયોગી ચેરીટેબલ ટ્રસ્ટના મંત્રી અજયભાઈ દરજીએ જણાવ્યુ હતું કે બાજ પક્ષી-૨, ઘુવડ-૧, કાબર-૧, કબૂતર-૪૮, ચકલી સહિત બગલા મળીને ૫૬ જેટલા ઈજાગ્રસ્ત પક્ષીઓને બચાવી લેવાયા હતા. જોકે ૧૦ પક્ષીઓને ગંભીર ઈજાઓ થતાં તેમના મોત નિપજયા હતા. દિવસ દરમિયાન પરીક્ષોઓને બચાવવા માટે બે એમ્બ્યુલન્સ, બે જંગલખાતા દ્વારા ફાળવવામાં આવેલી ગાડી સહિત ૧૫ થી વધુ સ્વયંસેવકોની ટીમ દ્વારા દોરીથી ઈજાગ્રસ્ત પક્ષીઓને બચાવી લીધા હતા. આણંદથી તબીબ ડૉ.કનકભાઈ ગામેતી તથા આચાર્ય અશોકભાઈએ સેવા આપી હતી.

## ધાબા પરથી પટકાતા બેને ઈજા

વડાલી શહેરના દરબારવાસ વિસ્તારમાં રહેતી કસકબા અજીતસિંહ રાઠોડ (ઉ.વ.૮) મંગળવારે સાંજે ધાબા પર પતંગ ચગાવતા હતા ત્યારે અચાનક ધાબા પરથી પટકાતા સારવાર માટે ઈડરની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જયારે ખેડબ્રહ્માના હરેશભાઈ બુંબડીયા પતંગ ચગાવતા હતા ત્યારે બુધવારે અચાનક ધાબા પરથી પટકાતા ગંભીર રીતે ઘાયલ થયા હતા. જેમને સારવાર માટે હિંમતનગરની સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

### મેઘરજ તાલુકાના તારકવાડા ગામે પુરવઠા વિભાગ દ્વારા

# ૨.૭૦ લાખનો ડીઝલ અને પેટ્રોલનો જથ્થો સીઝ કરાયો

## તંત્રએ દરોડા પાડી ગેરકાયદેસર ૨૦ બેરલ ડીઝલ અને એક બેરલ પેટ્રોલ ઝડપ્યું

મોડાસા, તા.૧૫

મેઘરજ તાલુકાના તરકવાડા ગામે મળેલ બાતમીના આધારે અરવલ્લી જીલ્લાના પુરવઠા અધિકારીઓ એક ઈસમના ઘેર દરોડો પાડતા આ ઈસમના ઘેરથી તેમજ ગોડાઉનમાંથી ૨ લાખ ૫૭ હજારની કીંમતનો પેટ્રોલ અને ડિઝલનો જથ્થો પકડી પાડેલ છે. પકડાયેલા જથ્થામાં ૪૦૫૫ લીટર ડીઝલ અને ૨૨૫ લીટર પેટ્રોલ છે. તરકવાડા ગામે જગદીશભાઈ જીવાભાઈ ગેરકાયદેસર રીતે ડિઝલ તથા પેટ્રોલનો વેપાર કરતાં હોવાની બાતમી જીલ્લા પુરવઠા તંત્રને મળતા અરવલ્લી જિલ્લા કલેકટર બી. જે. ભટ્ટ તથા જિલ્લા પુરવઠા અધિકારી જેગોડાની સુચના અનુસાર મેઘરજના પુરવઠા અધિકારી ડામોર તથા માલપુર મોડાસા તેમજ ભીલોડાના અધિકારીઓએ તરકવાડા ગામે આવેલ પ્રાથમીક શાળા પાછળ આવેલ જગદિશભાઈના મકાનમાં દરોડો પાડયો હતો. અધિકારીઓના આ દરોડા દરમ્યાન જગદીશભાઈના મકાનના ખુલ્લા ભાગમાં તથા ગોડાઉનથી ડીઝલ ભરેલા ૨૦ બેરલ મળ્યા હતા. જેમાં કુલ જથ્થો ૪૦૫૫ લીટર હતો જેની કીંમત રૂપીયા ૨ લાખ ૩૦ હજાર થાય છે, જયારે એક બેરલ તથા બે કેરબા પેટ્રોલના મળ્યા હતા. જે જથ્થો ૨૨૫ લીટર થાય છે જેની કીંમત રૂપિયા ૨૭ હજાર થાય છે અધિકારીઓએ આ કુલ ૨ લાખ ૫૭ હજારની કીંમતનો જથ્થો સીઝ કરી મેઘરજના દોષી પેટ્રોલીયમમાં મુકી તપાસ હાથ ધરી છે.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)



# મેઘરજ સરહદ પર રેલ્લાવાડા નજીક આવેલી પોલીસચોકી ખંડેર હાલતમાં

ઈસરી, તા. ૧૫

ગુજરાત રાજ્યની સરહદ અને અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકામાં આવેલ રેલ્લાવાડા ગામ નજીક પોલીસ વિભાગે નિર્માણ કરાયેલી પોલીસચોકી યોગ્ય જાળવણીના અભાવે ભૂતિયા ઘર જેવી બની ગઈ છે. અરવલ્લી જિલ્લા પોલીસ વિભાગની ઉદાસીનતા કે પછી બેજવાબદાર તંત્ર ?

ગુજરાત રાજ્યમાં અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના રેલ્લાવાડા ગામ નજીક રાજસ્થાન રાજ્યની સીમા લાગતી હોવાના કારણે અહીથી બિજા રાજ્યોમાંથી આતંકવાદી પ્રવૃત્તિવાળા માણસો કે પછી ગુન્હા કરવાની ટેવવાળા ગુન્હેગારો, કેફી દ્રવ્યો અથવા દારૂબંધી હોવાના કારણે બુટલેગરો પોતાના દારૂ આ સરહદથી ગુજરાત રાજ્યમાં ઘુસાડી ન દે તેના માટે તકેદારીના ભાગરૂપે રેલ્લાવાડા ગામ નજીક ફાયબર સામગ્રીથી પોલીસ ચોકી બનાવવામાં આવી છે. જેમાં અરવલ્લી જિલ્લાના પોલીસ કર્મચારી ૨૪ કલાક ફરજ બજાવતા રહે છે અને ગમે તેવી પરિસ્થિતિમાં રાજધર્મ નિભાવી રહ્યા છે. પરંતુ પોલીસકર્મીઓની પ્રાથમીક સગવડ માટે ઉભી કરાયેલી પોલીસચોકી ખરાબ હાલતમાં જોવા મળી રહી છે. પોલીસચોકીમાંથી બારી બારણા પણ ગાયબ થઈ ગયા છે અને દિવાલોમાં કાળા પડી ગયા છે. જેના કારણે ગુજરાત રાજ્ય માટે રક્ષા કરતા જવાનો માટે યોગ્ય સગવડતા સભર પોલીસચોકી બનાવવામાં આવે જેથી પોલીસ જવાનોની પ્રાથમીક જરૂરીયાત સચવાય તો પોલીસ જવાનો પણ ફરજ માટે હાંસલો જળવાય.

## બનાસકાંઠા જિલ્લા પોલીસે ૩૯ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો

પાલનપુર, તા. ૧૫

બનાસકાંઠા જિલ્લામાંથી દારૂની બદી સદંતર નેસ્ત નાબૂદ કરવા બનાસકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી ડી.બી.વાઘેલાની સુચના અને માર્ગદર્શન અનુસાર પોલીસ ઈન્સપેકટરશ્રી એલ.સી.બી., એસ.ઓ.જી, પેરોલ ફર્લો અને એન્ટી રોમીયો સ્કોર્ડ પાલનપુર સઘન કામગીરી કરી રહ્યા છે. જિલ્લાના પોલીસ સ્ટેશનોના વિસ્તારોમાં પર-ાંતિય ઇંગ્લીશ દારૂનો ધંધો કરતા ઈસમો તેમજ રાજસ્થાન રાજયમાંથી હેરાફેરી કરતા ઈસમો વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી વડગામ, ડીસા તાલુકા, આગથળા, અંબાજી, ધાનેરા, છાપી, થરાદ પોલીસ સ્ટેશનના વિસ્તારમાંથી પર-ાંતિય ઈગ્લીશ દારૂના ૯ કેસો શોધી કાઢવામાં આવ્યા છે. અને આ ગુનાઓમાં સંડોવાયેલા ઈસમો વિરૂધ્ધ હદપાર/પાસા જેવા અટકાતી પગલાં લેવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

# અરવલ્લી જિલ્લામાં ઓછા પવનથી પતંગરસિકોની ઉતરાણ બગડી

## વાસી ઉતરાણના દિવસે સારા પવનને લઈને પતંગરસિકો ઝુમી ઉઠયા


મોડાસા, તા.૧૫

૧૪મી જાન્યુઆરી એટલે મકરસંક્રાતિ મકરસંક્રાતિ એટલે ઉતરાયણનો પર્વ સુર્ય મકર રાશિમાં પ્રવેશે છે. આ દિવસથી દિવસ લાંબો થાય અને આકાશમાં જોવાથી આંખોનુ તેજ વધે છે એટલા માટે ગુજરાતભરમાં આ દિવસને ઉતરાયણ તરીકે મનાવવામાં આવે છે.

આ દિવસે પતંગ ચકાવવાનો અને જાત જાતની ચીકકી બનાવીને ખાવાનો અને દાન કરવાનો મહિમા છે જયારે પતંગ ચગાવાની માન્યતા એવી છે કે આ દિવસે આકાશમાં પતંગ ચગાવાથી આકાશમાં ઉપર જોવાથી આંખોનુ તેજ વધે છે. જયારે આ વર્ષે અરવલ્લી જિલ્લામાં ઓછા પવનને લઈને પતંગ ચગાવનાર પતંગ રસિયાઓની ઉતરાણ ફીકી રહી હતી. જોકે વહેલી સવારથી જ લોકો ધાબા ઉપર ચડી ગયા હતા અને એ કાપ્યો... લપેટ લપેટની બુમો પાડતા હતા. જયારે સાંજે લોકોએ ચાઈનીઝ બલુન ડાવીને આ પર્વની મઝા લુટી હતી. જયારે ચાઈનીઝ બલુનને લઈને સમગ્ર આકાશમાં એક અનેરો નજારો જોવા મળ્યો હતો.

જયારે આજે વાસી ઉતરાયણના દિવસે પવન સાકરો રહેવાને કારણે લોકોએ મનમુકીને કાલની મઝા આજે લુટી હતી અને આજે મનમુકીને પતંગ ચકાવવાનો અને એકબીજાની પતંગ કાપવાની મઝા લુટી હતી.





(તસવીર : જીતેન્દ્ર પટેલ, મોડાસા)



ખેડબ્રહ્મા શહેરમાં વાસી ઉત્તરાયણે યોગ્ય પવન રહેતા પતંગ રસિયાઓએ પતંગ ઉડાવી પેચ લડાવી ઉત્તરાયણની મજા માણી હતી અને સાથો-સાથ ઉંધીયા જલેબીની લીજ્જત પણ માણી હતી.

(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

# ઉનાવા ગામે કારચાલકે લારી, રીક્ષા અને બાઈકને અડફેટે લેતા મહિલાનુ કરૂણ મોત

ઊંઝા, તા. ૧૫

ઊંઝા નજીકના ઉનાવા ગામે એસ.ટી. બસ સ્ટેન્ડ પાસે હાઈવે પર સાંજના સમયે એક મોટરકારના ચાલકે લારી, રીક્ષા, બાઈકને અડફેટે લઈને ગમખ્વાર અકસ્માત સર્જતા લારીવાળી મહિલાનું કરૂણ મોત નિપજ્યુ હતુ. જ્યારે રીક્ષાચાલક, બાઈકચાલક સહિત ચાર વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

વિગત એવી છે કે, ગઈકાલે સાંજે ઉનાવાગામે એસ.ટી. બસ સ્ટેન્ડ પાસે મહેસાણા તરફથી ઊંઝા તરફ જઈ રહેલ મોટરકાર નં. જીજે-૧-કેસી-૩૧૪૮ ના ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે કથિત નશામસ્ત હાલતમાં વાહન હંકારીને હાઈવે પર પાણીપુરીના લારી, ઓટોરીક્ષા તેમજ એક બાઈકને અડફેટે લેતા લારીવાળી મહિલા સવિતાબેન સોમાભાઈ રાવળ ઉં.વ. ૫૦નું ઘટનાસ્થળ પર જ કરૂણ મોત નિપજ્યું હતું. જ્યારે રીક્ષાને ટક્કર મારતા રીક્ષા ઉંધી વળી જતા ચાલકને ઈજાઓ થઈ હતી. આ ઉપરાંત એક બાઈકને પણ ટક્કર મારતા બાઈકચાલકને ઈજાઓ થઈ હતી. અકસ્માતને પગલે આ વિસ્તારમાં ભારે સનસનાટી મચી ગઈ હતી. અકસ્માત બાદ મોટરકાર હંકારીને ચાલક ઊંઝા તરફ નાસી છૂટ્યો હતો. જો કે લોકોએ પીછો કરીને તેને ઝડપી લઈ પોલીસને હવાલે કર્યો હતો. કહે છે કે અકસ્માત સર્જનાર કારચાલક અને કારમાં બેઠેલા ઈસમો પૈકી કેટલાક નશા મસ્ત હાલતમાં હતા.

આ બનાવ અંગે ઊંઝા પોલીસે મોટરકાર નં. જીજે-૧-કે.સી.૩૧૪૮ના ચાલક ઠાકોર વિમલુજી જીતુજી રહે. સેસા તા. સિદ્ધપુર સામે અકસ્માતનો ગુનો દાખલ કરી વધુ તપાસ આરંભી છે.

## ભૂતાવડ ગામની સીમમાં અજાણ્યા પુરુષનો મૃતદેહ મળતા ચકચાર

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના ભૂતાવડ ગામની સીમમાં આવેલા ડુંગર પર ૨૦ થી ૨૫ વર્ષીય અજાણ્યા યુવાનની લાશ ઝાડની ડાળી પર લટકતી હતી. તે સંદર્ભે ગ્રામજનોએ ભિલોડા પોલીસને ગુરૂવારે જાણ કરતા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગે ભિલોડા પી.એસ.આઈ. એચ.પી.ઝાલા તથા પી.એસ.ઓ. સરસ્વતીબેનના જણાવ્યા અનુસાર ભૂતાવડ ગામની સીમમાં આવેલ ડુંગર પર એકાદ અઠવાડિયા પહેલા કોઈ ૨૦ થી ૨૫ વર્ષીય અજાણ્યો યુવાન ન્હાવાના રૂમાલથી ઝાડની ડાળીએ ગળાફાંસો ખાધેલ હાલતમાં આસપાસના લોકો ડુંગર પર ગયા હતા ત્યારે જોવા મળતા તુરત જ ગામના સરપંચ સંધ્યાબેન પાંડોરને જાણ કરતા સરપંચે ભિલોડા પોલીસ સ્ટેશને જાણ કરતા પોલીસે લાશની જગ્યા પર જઈ અજાણ્યા યુવાનની લાશને ઝાડ પરથી પંચોની હાજરીમાં ઉતારી પંચનામુ કરી અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પાલનપુરમાં પી.એસ. પંડ્યા જ્ઞાન મંદિર શાળાનો વાર્ષિકોત્સવ ઉજવાયો

પાલનપુર, તા. ૧૫

પાલનપર શહેરમાં જુના ગંજ પાછળ આવેલી જ્ઞાનમંદિર પ્રાથમિક શાળા અને પી.એસ. પંડ્યા જ્ઞાનમંદિર માધ્યમિક શાળા ધો. ૧ થી ૧૨ જેનો ૧૨મો વાર્ષિકોત્સવ આજરોજ કાનુભાઈ મહેતા હોલમાં યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં ધો. ૧ થી ૧૨ ના બાળકો અને બાલમંદિરના નાના ભૂલકાઓની કુલ ૧૮ કૃતિઓ રજુ કરી હતી. જ્ઞાનમંદિર વિદ્યા સંકુલમાં દરેક તહેવારો અને શાળાના વાર્ષિકોત્સવની ઉજવણી દર વર્ષે ખૂબજ હર્ષોલ્લાસથી કરવામાં આવે છે. બાળકોમાં રહેલી શુષુપ્ત શક્તિઓને બહાર લાવી શકાય તે અંગે શાળા દ્વારા અનેક સ્પર્ધાઓ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. શાળાનુ ધો. ૧૦ અને ૧૨ નું પરિણામ ઉત્સાહ પ્રેરક હોય છે. વાર્ષિકોત્સવમાં ગુજરાતી ગરબા, બાળગીત, રાજસ્થાની ગીત, પંજાબી ગીત, ગૃપ ડાન્સ સહિતના ગીતો સુંદર રીતે રજુ કરવામાં આવેલા હતા. વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકગણને પ્રોત્સાહિત કરવા ગણપતભાઈ જોષી ડિરેક્ટર પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ, હસમુખભાઈ પઢિયાર પ્રમુખશ્રી નગરપાલિકા, ગજેન્દ્રભાઈ સકસેના જિલ્લા ભાજપ મહામંત્રી, ડૉ. શ્રી સુરેન્દ્ર ગુપ્ત, અમૃતભાઈ જોષી, ઉપપ્રમુખ નગરપાલિકા, વિજયભાઈ જોષી કારોબારી ચેરમેન, શ્રી પરેશભાઈ પઢિયાર ઓ.એસ. નગરપાલિકા, અનિકેતભાઈ ઠાકર શહેર ભાજપ પ્રમુખ આ શાળા સંચાલક મંડળના પ્રમુખ શંભુભાઈ ઠાકર એડવોકેટ અને મેનેજીંગ ટ્રસ્ટી શ્રી કનકભાઈ પંડ્યાએ આવેલ મહેમાનો, વાલીશ્રીઓનું સ્વાગત કરી આભારવિધિ કરી સુંદર કાર્યક્રમના આયોજન બદલ શિક્ષકગણ અને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.


આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦